
"હું કોણ છું!"

રચનાર તથા છપાવી પ્રગટ કરનાર.

એક ઈસ્માઈલી મુરીદ.



મુંબઈ—ભુલેશ્વર પ્રીંટીંગ પ્રેસ.

મુલ્ય સવા આનો.

હું કોણ છું?

આ સવાલનો જવાબ આતમજ્ઞાન એટલે એલમે રૂહવાળો માણુસ જુ· દોજ આપશે. પરંતુ આ લેખકને આતમજ્ઞાનનો અનુભવ નહીં હોવાથી વ્યહવ.રીક જવાબ આપવો વાજબી ગણાશે.

હું શીઆ ઇમામી ઇસમાઇલી ખોજા

જમાતનો એક માણુસ છું.

કદાપી કોઇ સવાલ પુછે કે આ જમાતનું આ નામ કેમ પડયું હશે ? તો તેના જવાબમાં ખુલાશો કરવાનો કે !

(૧) "શીઆ"એ કારણુથી કે મુસલમાન કોમના બે મોટા ભાગ છે. શીઆ અને સુની, તેમાંથી સુનીમાંથી હું નથી. બાકી વધ્યો શાઆનો ભાગ તેમાંનો હું છું.

(૨) "ઇમામી" નામ એમ પડયું કે બીજી કેટલીક બે ઇમામી ઇમામ વગરની કોમો છે. હું તે ભાગ માંહેલો માણુસ નથી.

(૩) "ઇસમાઇલી" એટલે શાહ ઇસમાઇલ જેને હજ: ગાદીનો હું હકદાર વારસ ગણું છું અને આજસુધી જે ગાદી વારસ નામદાર આગાખાન ધરાવે છે, તે ગાદીના આસરા નીચે હું

(૪) "ખોજા જમાત" આ સવાલનો જવાબ, જેમ પારસી, અંગ્રેજ વગેરે છે તેમ એ પણ એક જમાત છે.

કોઇ કોઇ જણનું કહેવું એમ છે કે આ કોમ આશરે પાંચસો વરસ ઉપર મહાજ્ઞાની પીર સદરદીનની સમજાવટથી બંધાઇ છે. પણ આ બાબતમાં મારો આધીન મત એ છે કે એ પીરની મેહેનતથી આ કોમ આજે ખોજા જેવા આકારમાં છે તેવા આકારમાં આવ્યા. પણ ઇમામી ઇસમાઇલી કોમની જો ધણી ઓહોળી માએના કરીએ તો એમ થાય કે ખુદાઇ નુર જે જામામાં એટલે બહારના લેબાસમાં અથવા જે સ્થુલ શરીરમાં હોય તેને ઓળખી તેની તાબેદારી કબુલ કરવી. જ્યારે ઇમામી ઇસમાઇલી કોમની એ માએના થાય છે ત્યારે એવી જાતની કોમ જુદા જુદા આકારમાં દુનીઆ ઉત્પન્ન થઇ ત્યારથીજ હોવી જોઇએ, પરંતુ એવી કોમનાં નામો વખતને અનુસરતાં જુદાં જુદાં હશે. અને ઇશ્વરી તેજ પણ જુદા જુદા સ્થુળ શરીરમાં આવ્યું હશે. અને તેને ઓળખાં તે વખતના માણસોએ તેની તાબેદારી ઉપાડી હશે. આ કળજુગમાં ઇશ્વરી તેજ હજરત અલી શાહ મોલા મુરતઝાઅલીમાં છે એમ આ ટોળાનું સીધાંત છે, અને તેની ગાદી જેના હાથમાં હોય તેને આ કોમ હજરતઅલી જેટલુંજ માન આપે છે.

પીર સદરદીને બજાવેલી આ કોમની મોટી સેવા.

બધાં પ્રાણી ખાય છે, પીએ છે, સુએ છે, એટલી બાબતમાં માણુસ બીજા જાનવર કરતાં ચડતી નથી. પરંતુ જ્ઞાનના બળથી માણુસ બીજા ઉપરીપણું ધરાવે છે બલકે ખુદાઇમાં મળી શકે છે. અમારી કો[illegible]તા પીર સદરદીન તથા બીજા કેટલાક પીરોએ કુરાન વેદાંત તથા [illegible] પુસ્તકમાંથી ઉતારા કરી તેને કવીતાના રૂપમાં ગોઠવ્યા. તે અમારી [illegible] અભણ માણુસ પણ સમજી શકે છે. અને તેમાંથી સાર કાઢી [illegible] મોટો જ્ઞાની માણુસ થઇ શકે છે. આવો ઉંચો ધર્મ તથા [illegible] બાળવડી બચાંઓ પણ સમજી શકે તેવા આકારમાં આપેલું [illegible] બીજી કોમના લોકો મધે છે તેનો લાભ છોડી આપણા

ભાઇઓ બે નસીબ થઇ જાય છે. અને આવી ઉત્તમ જમાત તજી દે છે. તેને માટે તેવા લોકો ઉપર લેખકને દયા આવે છે. જ્યારે હું વીચાર કરૂં છું કે આવી મોટી ભુલ મારા જાત ભાઇ કેમ કરતા હશે ? ત્યારે થોડાક અનુમાન નીકળી શકે છે.

કારણ પેહેલું (હસદ) એટલે અદેખાઈ.

એક સીપાઇ અને તેના ઉપરી અમલદારની વાત.

યુરોપખંડમાં એક મોટા શેહેરમાં એક સીપાઇ એક મોટા અમલદારની નીચે નોકરી કરતો હતો. આ સીપાઇ આડી ચાલનો અને મુરખ હોવાથી કોઇ કોઇ વખત ઉપરી અમલદારને તેના ભલાને ખાતર ઠપકો દેવાની ફરજ પડતી. આ ઠપકાથી તે સીપાઇએ તે અમલદારને જેમ બને તેમ ખરાબ કરવાનો પકો ઠરાવ કર્યો. તે અમલદાર ઘણો પ્રમાણીક માણસ હોવાથી અને પોતાના ઉપરીની નોકરી બરાબર બજાવતો હોવાથી તે સીપાઈનું તે અમલદારનું ખરાબ કરવાનું કાંઇ ફાવી શકયું નહીં. પણ તેથી ઉલટાં, તે અમલદારનો દરજ્જો દીન પ્રતીદીન વધતો ચાલ્યો. આ દેખીને તે સીપાઇને ઘણો હસદ ઉત્પન થયો. અને તેણે સમ ખાધા કે જો છ મહીનાની મુદત અમલદારનું બુરૂં કરવામાં હું ન ફાવું તો મારે પોતાએ પોત ઉપલી મુદત વિત્યાબાદ મારી પોતાની છાતીમાં પીસતોલ મારીને કારણકે આ અમલદારનું ભલું થતું જાય, ને મારે જીવતે જીવતાં જીંદગી ગુજારવી પડે, તેના કરતાં મોત હજાર દરજ્જે સારૂં ખાધેલા સમ પ્રમાણે બીજા છ મહીના તે અમલદારનું ખરાબ ક કરી, પણ તેનું કાંઇ વળ્યું નહી. છેવટે તે મુદત વીત્યા બાદ પ્રમાણે પોતાની છાતીમાં ગોલી મારીને પોતાના પ્રાણ છોડયા

મારા કેટલાક જાતભાઈઓ પણ ઉપલા દાખલાના સીપાઇ જેવા હોવાથી પોતાનો લાભ ક્યાંથી જોઇ શકે? પોતાના સીનામાં પુર અદેખાઇ હોવાથી પોતાનું દીન દુનીઆ તદન ખરાબ થઇ જાય તોપણ તે પોતાની નીચ હઠ છોડતો નથી.

---

(૨) આવો ઉંચો ધર્મ તથા ઉત્તમ જ્ઞાનતજી દેવાનું કારણ બીજું (દેખાદેખી)

કપુરચંદ શેઠની કહાણી.

અમદાવાદ નામે શેહેરમાં જેચંદ શેઠ કરીને એક લક્ષાપતી નગરશેઠ રેહેતો હતો. તેને પેટે કાંઇ સંતાન નહીં હોવાથી આજે અંગરેજ તથા બીજા યુરોપીએન લોક જેમ કુતરાને પાળે છે, તેમ જેચંદ શેઠે પણ એક ખુબ સુરત કુતરાને પુત્ર કરીને લાડમાં કપુરચંદ શેઠ એવું નામ આપ્યું. એ ત્રણ વરસ બાપ દીકરા વચ્ચે ખુશીખુશાલીમાં નીકળ્યા. આખર કપુરચંદ શેઠને ભારે રોગ થઇ આવ્યાથી એકાએક ગુજરી ગયા. જેચંદ શેઠને કુતરાને માટે ઘણો વિલાપ થયો. અને આ મરણ રાતમાં નીપજેલું હોવાથી રાતોરાત તેને ગામ બહાર ...ાપવાની ફરજ પડી. સવારના પોહોરમાં ઉઠતાં વેત જેચંદ શેઠે પોકાર ...એ મારા કપુરચંદશેઠરે" આવું સાંભળી બીજા વાણીઆ વેપારી ...કે જેચંદ શેઠને ઘેર બારગામથી ખબર આવી હશે. તેથી તે લોકોએ ...ેઠને ઘેર આવીને પોકારાણ નાખી. જેમ જેમ દીવસ ચડતો ... લોકોનાં ટોળાં એકઠાં થવા લાગ્યાં. ગામના મોટા કારભારીઓ ... પણ જેચંદ શેઠને દીલાસો દેવા આવ્યો. પણ આ કપુરચંદ ...ુતા એવી કોઇને ખબર પડી નહીં. કારણકે સૌ એ દેખાદેખી ... હતું. સાંજના પાંચક વાગ્યાને સુમારે જેચંદ શેઠ પાંચ

દસ માણુસ પાસે બેઠા હતા તેની પાસે ખુલાસો કરવા લાગ્યા કે રાતના દસ વાગ્યા સુધી કપુરચંદ શેઠની તબીયત ઠીક હતી અને સારી રીતે ભાઉ ભાઉ કરી શકતા હતા. પણ પછી કાંઇ થઇ આવ્યાથી મરી ગયા. તે વખતે એક માણુસે સવાલ પુછયો કે કપુરચંદ "ભાઉ ભાઉ" કરતા હતા એમ તમે કેમ કહયું ? જેચંદ શેઠે જવાબ આપ્યો કે કપુરચંદ શેઠ મારો પાળેલ કુતરો હતો. તેને મેં કપુરચંદ શેઠ નામ આપ્યું હતું. આ સાંભળીને આ લોકો પોતાની મુર્ખાઇ ઉપર અફસોસ કરવા લાગ્યા. આ ખબર થોડી વારમાં આખા શેહેરમાં ફેલાઇ ગઇ. તેથી કારભારી રાજા વગેરે પોતાની અકલપર તારીફ કરવા લાગ્યા કે આપણે ખરી બીના શું છે તે પુછા પણ નકરી. ફકત એકને પોકાર મારતો જોઇને દેખાદેખી કરીને આપણે પણ પોક મારી.

આ પ્રમાણે મારા નાતભાઇઓ પણ અમુલ્ય લાભ છોડીને બહાર ભટકે છે તેને હું વિનતી કરૂં છું કે તેઓએ દેખાદેખી કરીને ભટકવું નહીં. પણ કપુરચંદશેઠ કોણ છે તેનું નકી કરીને પછી પોતાને મન માનનો રસ્તો લેવો.

આવો ઉંચો ધર્મ તથા ઉત્તમ જ્ઞાન તજી દેવાનું.

કારણ ત્રીજું (ભોળાપણું)

ચાર માણુસોની ટોળીએ અસતરો પુજાવ્યો તેની વા

સુરત શેહેરમાં ચાર ઠગ એકઠા થયા અને વીચાર કર્યો કે નવો હુનર શોધીને આપણો પેટ ગુજારો કાઢવો. અને તે હુન કરવો કે માણુસ જાત કેટલી હદ સુધી ભોળી થાય છે તેની સમ જાણુ એકઠા થઇને એવા ઠરાવપર આવ્યા કે આપણે એક અને તેના ઉપર લુગડા વીટી તેને એક સ્ત્રીના આકારમાં સીંદોર, તેલ, બીજા આભુષણ ચડાવી તેનું નામ મહાદેવી રાખ

પ્રમાણે તેઓએ અસતરાનો એક ટુકડો વેચાતો લીધો. અને તે ઉપર સ્ત્રી જાતને અનુસરતાં લુગડાં આભુષણ વગેરે ચડાવી તેને મહાદેવીનું નામ આપ્યું. ચાર ઠગમાંથી એક પુજારો થયો. અને બીજા ત્રણ જણ વખતો વખત દેવી પાસે આવી તેની પુજા કરવા લાગ્યા. અને પોતાના ઓળખીતા પારખીતામાં તે મહાદેવીનું મહાતમ ગાવા લાગ્યા. મેં કાલે આ માનતા માની, અને તે આજ આવી રીતે ફળીભુત થઇ, એવું ખોટું ખોટું ભોળા લોકોના મગજમાં ઉતારતા ગયા. થોડા દીવસના અરસામાં તે ગામના ઘણા ખરા લોક મહાદેવીની માનતા માનવા લાગ્યા અને અસંખ્ય લોક પુજા કરવા આવવા લાગ્યા. આ જગતમાં એવો નીયમ છે કે આપણા તકદીરમાં મૌલા તરફથી મલવાનું હોય છે, તે મલે છે. પછી આપણે આપનારનું નામ મૌલાને બદલે ખુશી પડે તેનું લગાડીએ. કોઇ માનતા કરનારને વેપાર વણજમાં કમાઇ થવા લાગી. કોઇને દીકરા દીકરી મળવા લાગી. કોઇની માંદપણ જવા લાગી. આવી રીતે થવાથી મહાદેવીનું નામ ગામ પરગામમાં ઘણુંજ વધતું ચાલ્યું. ગામના કારભારીઓ, વજીર, રાજા, રાણી, વગેરે સૌ મહાદેવીની પુજા કરવા લાગ્યા. પણ અસત્ય તે અંતે અસત્યજ છે. આ ચાર ઠગે બે ત્રણ વરસ ખુબ કમાઇ કરીને અંતે પોતપોતામાં લડયા. પૈસા તો વેહેંચી લીધા. અને પેલી મહાદેવી ઉપર ચારે જણાએ કબજો કીધો. અમુક ઉંચકો આપીને એક બીજાએ
કબજો રાખવા માંગણી કરી, પણ કોઇએ માન્યું નહીં. અંતે ચારે
રી મોટા કજીઓ કર્યો. ગામના હજારો લોકો એકઠા થયા. તેમની
દેવીને ભાંગીને ચાર સરખા ભાગ વેંહેચી લેવા ઠેરાવ્યું. મહા-
માથા સુધી ઉખેડી તો અંદરથી અસતરાનો ટુકડો નીકળ્યો. તે
રખા ભાગ કરી લીધા. ગામના લોકો મહાદેવીના અંદરથી અસ-
ીકળેલો જોઇ પોતાના ભોળાપણ ઉપર અજબ કરવા લાગ્યા.
ે મારા કેટલાક નાતભાઇ એટલી હદસુધી ભોળા થઇ આ
આપણી ભાષામાં લખાએલાં આવાં ઉત્તમ જ્ઞાનનો લાભ

છોડી જાય છે, તેઓએ પોતાના ભલા ખાતર એટલું ધ્યાન પહોંચાડવું કે જ્યાં તેઓ જાય છે ત્યાં શું છે, અને શાની પુજા થાય છે, તેમાં શું છે. વગર વીચારે ભોળા થઇ જો બીચારા ફસાઇ જશે તો ઉપલી વાતમાં અસતરો પુજવા વારા જેવા પસતાયા તેવા પસતાશે.

આવો ઉંચો ધર્મ તથા ઉત્તમ જ્ઞાનતજી દેવાનું.

કારણ ચોથું (કોઇની પછવાડે તણાવું

કચ્છ દેશમાં ભુજ નામે શેહેરમાં બે બાઇઓ પોતપોતામાં સગપણ ધરાવનાર તથા સાહેલીઓનો નાતો રાખનાર રેહેતી હતી. એક બાઇનું નામ રાણબાઇ હતું બીજી બાઇનું નામ ભાણબાઇ હતું. રાણબાઇના ધણીનું નામ અલીભાઇ તથા ભાણબાઇના ધણીનું નામ વલીભાઇ કરીને હતું. રાણબાઇ તથા અલીભાઇ વચ્ચે ઘણુંજ હેત હતું. ધણી ધણીઆણી એક બીજાને બહુજ ચાહતા હતા. અલીભાઇના મોંમાંથી જે અવાજ નીકળતો તેને રાણબાઇ એકદમ ઉંચકી લેતી હતી. અને તેનો જે હુકમ થાય તે તરત બજાવવામાં પોતાનો સ્ત્રીપણાનો ધરમ સમજતી. આણીગમથી અલીભાઇ પણ રાણબાઇને જે વાજબી ચીજ જોઇતી હોય અને પોતાથી કોઇ રીતે પણ બનતું હોય તો તે લાવી આપી પોતાની ઘરવારીને રાજી કરતો. કોઇ [illegible] આ બે માણસ વચ્ચે કજીઓ કંકાસ અનુભવમાં આવતો નહીં.

રાણબાઇની બેનપણી ભાણબાઇ તથા તેનો ધણી વલીભાઇ બીલકુલ સલાહસંપ હતી નહીં. હમેશાં ઘરમાં કજીઆ કલેશ [illegible] કોઇને હેત પ્રીતથી બોલાવે નહીં. આમ થવાનું કારણ બાઇ [illegible] કઠણ સ્વભાવ હતું. વલીભાઇ ઘણા સારા માણસ હતા. પણ [illegible] કોઇ વખતે જરા રીતની શીખામણ આપવા જાય તો બીર[illegible] બોગ. તેજ વખતે ભાણબાઇની જીભની કાતરનો હીસાબ રહે [illegible]

ધણીને બોલે. ગમે તેવું અપમાન કરે, તેમાં પાછું ફરીને જુએ નહીં. વલીબાઇ બીચારા કોઈ વખતે બીમાર પડે તો તેની માવજતનું નામ નહીં. આટલું છતાં પણ વલીબાઇ ભાણુબાઇનો સ્વભાવ ઉપાડયા કરે. તેનું કાંઇ અપમાન કરે નહીં. બીચારા વલીબાઇ આવી ગરીબ રીતે પણ ચાલતાં ભાણુબાઇએ આખર કજીઆ કંકાસ કરી પોતાનું ઘર તોડી વલીબાઇ પાસેથી ફારગતી લીધી. અને અંજાર ગામમાં જઇ બીજું ઘર કર્યું.

ભાણુબાઇના જવા પછી રાણુબાઇને કીઆંએ ચેન પડે નહીં. અને તેની જુદાઇમાં પોતાનું ઘર બાર ખાવું પીવું સુવું ઉઠવું કાંઇ ગમે નહીં.

ઘડી ઘડી પોતાની સાહેલાણીને યાદ કર્યા કરે અને રોયા કરે. ભાણુબાઇ વગર પોતાની જીંદગાની ફોકટ છે, એમ ગણવા લાગી, કારણ કે ભાણુ બાઇમાં તેનો જીવ બહુ લાગ્યો હતો. ભાણુબાઇએ પોતાના ભલા ભરથારને તજ્યો. સારૂં ઘર તજયું વગેરે તેની ખરાબ વર્તણુકનો તેને ખીઆલ પણ આવે નહીં, કારણ કે પોતે જાતે ઘણીજ ભલી બાઇ હતી. પણ સંગત પછવાડે હદ કરતાં વધારે તણાઇ ગઇ. અને ત્યારબાદ પોતાના ધણીથી હમેશાં કજીઆ કરતી ચાલી, ધણીનું કહયું કરવું નહીં, આડું ચાલવું વગેરે ઘર તુટવાના ઉપાય કરવા લાગી. અંતે આવી ભલીબાઇ રાણુબાઇએ પોતાનું ઘર તોડયું અને ...ભાઇની ફારગતી લઇ, અંજારગામમાં પોતાની બેનપણી ભાણુબાઇને પોતાનો બધો અહેવાલ કહી બતાવ્યો. ભાણુબાઇએ તેને પણ બીજે ...આપ્યો. પણ આ બે બાઇમાં કોઇને પણ આગળ જેવો સારો નહીં. અને આખો જન્મારો બંને જણીએ મહા દુખમાં હમેશાં ...હોળી સાથે કાઢયો.

...મારા કેટલાક જાત ભાઇ કોઇ સગાવહાલાં દોસ્ત બીરા... તણાઈ જઇ પોતાનો ખરો લાભ કયાં છે, અને પોતાની ...જઇને પોતાનુ કેવું નુકસાન કરેછે તે જોઇ શકતા નથી.

અને મારે સગેવહાલે આ કામ કર્યું એટલે મારે કરવું, ફકત એટલીજ ટુંક બુધિ રાખી પોતાની ચાલુ તથા ભવિષ્યની જીંદગી બરબાદ કરેછે.

કારણ પાંચમું.

આવો ઉંચો ધર્મ તથા ઉત્તમજ્ઞાન તજી દેવામાં

મારા બીજા કેટલાક જાતભાઇઓ ખોજાની જમાતમાં કર ભારે હોવાનું તહોમત મુકેછે. પણ કર એટલે શું, અને ખુશીથી ધર્મમાં પૈસો ખરચી લાભ લેવો તે શું, એ બાબત એ ભાઇઓ સમજતા દેખાતા નથી. "કર" એ ચીજછે કે અમુક રાજાના રાજમાં, અમુક મંડળીમાં, અથવા અમુક નાતમાં આપ્યા વગર ચાલેજ નહીં તે. ખુશી પ્રમાણેનું પુન્ય, શું ઇસમાઇલી ખોજા અથવા શું બીજી કોઇ પણ નાત, ગમે તેટલું કરે, તે કાંઇ કર ના હીસાબમાં નથી. ખોજાની નાતમાં કર વધારે છે એ સાંભળી મને નીચેની વાત યાદ આવે છે.

એક ગરાશીઓ તથા તેના વાણીઆ પ્રધાનની વાત.

ગોંડલ કરીને કાઠીઆવાડમાં એક શેહેર છે. ત્યાં એક વખતે એક ગરાશીઓ રાજા હતો. આ રાજાને એક વાણીઓ પ્રધાન હતો. પેલો ગરાશીઓ અભણ હતો અને તેનો પ્રધાન મહા હુશીઆર તથા ઠગ હતો. રાજા ભણેલા ગણેલા નથી હોતા ત્યાં લુચા વજીરો પ્રધાનો વગેરે નોકરે જાય છે. આ વાણીઆનો એક સગો જામનગરમાં રેહેતો હતો. ... વીના ઘણો દુખી હોવાથી ગોંડલ શેહેરમાં આવીને પેલા વાણીઆ ઘેર જઇ પોતાની બધી હકીકત કહી સંભળાવી. તે પ્રધાને પોતાના ... કહ્યું કે તમે સાંજના પાંચ વાગે ગામબહાર ફલાણા મુસાફરખાના શાળામાં બેસજો. આમનો ગરાશીઓ તથા હું બંને જણ સાંજના ફ...

ત્યાં આવશું. ત્યારે હું પુછું તેનો જવાબ આવી આવી રીતે આપજો. તે પ્રધાનનો સગો ઠેરાવ પ્રમાણે પેલી ધર્મશાળામાં વખતસર જઇ બેઠો. સાંજને વખતે તે ગરાશીઓ તથા પ્રધાન ફરવા ગયા. પ્રધાને પાણી પીવાનું બહાનું કાઢયું. આ ઉપરથી તે ગરાશીઓ તથા પ્રધાન બંને જણ ધર્મશાળામાં ગયા. ત્યાં પ્રધાને પોતાના સગાને જોઇને જાણે તેને ઓળખતોજ ન હોય તેમ પુછયું "ભાઇ કયે ગામ રહેવું"? વાણીએ જવાબ આપ્યો કે "વઢવાણ. પ્રધાને પુછયું કે કયે ગામ જશો"? વાણીએ જવાબ આપ્યો કે "પોરબંદરના રાજમાં નોકરી છે. ત્યાં જાઉ છું" પ્રધાને ઠાકોર સાહેબ ગરાશીઆ તરફ ફરીને કહયું કે "ઠાકોર સાહેબ," આપણને પણ એક હુશીઆર માણસની જરૂર છે. પ્રધાને વાણીઆને પુછયું કે અમે તમને નોકરી રાખીએ તો શું પગાર લેશો? વાણીએ જવાબ આપ્યો કે દર માસે પંદર રૂપીઆ લઇશ. પ્રધાને કહયું, કે કેમ ઠાકોર સાહેબ, આપણે આ વાણીઆને ત્રણશો રૂપીઆનું વરસ કરી આપીએ. દર માસે રૂપીઆ પંદર આપણને પાલવે નહીં. ઠાકોર સાહેબે કહયું, ખરી વાત. દર માસે પંદર રૂપીઆ આપણને ન પાલવે, વરસના ત્રણસો રૂપીઆ હોય તો ભલે કાલથી નોકરીએ વળગી જાઓ. પ્રધાને કહયું કે તમને ઓછું લાગતું હોય તો વરસના બે નાકા લુગડાના તથા ચાર કલશી દાણા આપશું. કાલથી દરબારમાં આવી લખવા ઉપર બેસી જાઓ. આ કરાર પ્રમાણે તે વાણીઓ બીજે દીવ- રબારની નોકરીમાં લાગ્યો. અશાડ શુદ એકમથી આ વાણીઓ ાહેબની નોકરીમાં દાખલ થયો. દીવાળી સુધી નોકરી કર્યા બાદ જ્યારે માસમાં પગારને વાસ્તે સૌ બોલવવામાં આવ્યા ત્યારે આ વાણી- વારી આવી. ઠાકોર સાહેબની રૂબરૂમાં પ્રધાને પેલા વાણીઆને લા વરસમાં તમો અજાણ્યા હોવાથી દરબારનું કામ બરા- નહીં હોય, માટે આ સાલમાં પચાશ રૂપીઆ ઓછા આપશું.

બાકી રૂપીઆ અઢીસો લઇ જાઓ. ઠાકોર સાહેબ તરફ ફરીને પ્રધાને પુછયું કેમ ઠાકોર સાહેબ બરાબર છે કે નહીં? ઠાકોર સાહેબે કહયું હા. અઢીસો રૂપીઆ લઇ જાઓ. આ વાણીઆ ભાઇ કયા માસથી ચાકરી રહયા છે તે પુછવાની પરવા કોને છે, અને ઠાકોર સાહેબને કયાં ભાન છે. આ પ્રમાણે ચાર મહીનાની નોકરીના અઢીસો રૂપીઆ રોકડા, બે તાકા લુગડાના તથા ચાર કળશી દાણા આપી તે વાણીઆને વીદાય કર્યો.

આપણામાં કર ભારે હોવાની વાતો કરી જે મારા નાતભાઇઓ ભટકી જાયછે તે બેશક ઉપલા દાખલાના ગરાશીઆ જેવા છે. તેઓને હીસાબનું કાંઇ ભાન નથી. ખુશી પ્રમાણે ધર્મ કરી પૈસો વાપરી પુન્ય હાંસલ કરવું એ સવાલ જુદો કરીએ તો બાકી કર આપણી નાતમાં ભારે છેજ નહીં. જે માણસ કર ભારે હોવાની વાતો કરેછે તેવા માણસને બીજી મંડળીઓમાં અહીંઆંથી ચાર ગણો કર વધારે પડી જાયછે તોપણ તેઓની શુદ્ધ ઠેકાણે આવતી નથી.

આવો ઉંચો ધર્મ તથા ઉત્તમ જ્ઞાન તજી દેવાનું કારણ છઠું.
(થોડી ફીલસુફી)

હમેશાં અધુરો ઘડો હોય તે છલકાઇ જાય છે. અને અપૂર્ણ અધુરૂં જ્ઞાન, ફીલસુફી માણસને ઘણીજ ખરાબ હાલતમાં લાવી મુકેછે. માણસ જાત કાંતો તદન ભોળી હોય તો સારૂં અને નહીંતો જ્ઞાન ફીલસુફીમાં ભર હોયતો સારૂં, કારણ કે થોડુંક જ્ઞાન એ એક ભયંકર ચીજ છે. અધુરા વાળો માણસ દરેક ચીજમાં શંકા કાઢતાં શીખે છે, અને તે શંકા નીવારણ સમજવાની તેનામાં બુદ્ધિ હોતી નથી. તે માણસને " અથવા " વાટર " પીવરાવશો તો ઘણોજ નારાજ થશે. પણ " પીવરાવશો તો રાજી થશે. ખુદા તાલા " હય્યુલ કય્યુમ " છે ક તો રાજી થશે અને ખુદાવંદ તાલા હમેશાં હાજર જીવતો

કેહેશે તો તેને બરાબર નહીં લાગે. એવા માણસોને એકજ અર્થના બોલ આપણી ભાષામાં ધર્મ શાસ્ત્રમાં વાપર્યા હશે, તો નહીં પસંદ આવે, અને તેજ અર્થના બીજી, પોતે અથવા પોતાના કુટુંબમાં કોઇ સમજી નહીં શકે તેવી ભાષામાં ધર્મશાસ્ત્રમાં વાપર્યા હશે તો તેને બહુ રૂચતા થઇ પડશે. કારણ કે પોતે તે નહીં સમજતો હોવાથી ભરમમાં તેને બહુ ગંભીર વચનો સમજે છે.

જો કોઇ કહે કે "અલ્લાહુ અકબર" અને હું કહું કે "ખુદા ઘણો મોટો છે" તો તેણે શું વધારે કહ્યું અને મેં શું ઓછું કહ્યું? ઇનસાફથી પુછીએ તો ઉલટું "અલ્લાહુ અકબર" માં એરાં બચાં અભણ માણસો સમજે નહીં, અને "ખુદા ઘણો મોટો છે, એ અલ્લાહુ અકબરનો ખરો અર્થ છે તે બોલતાં એક નાનું બાળકપણ સમજી જાયછે. ઇસમાએલી ખોજાના પીર સદરદીન તથા બીજા પીરોએ જોયું કે આ કોમને બીજી ભાષા ભણી તેમાંથી જ્ઞાન મેળવતાં ઘણા વરસ લાગી જશે. માટે તેઓએ તેવી પરાઇ અઘરી ભાષાનો પોતેજ અભ્યાસ કરી તેના તરજુમાના જ્ઞાન વગેરે બાંધી આપણને જ્ઞાન મેળવવામાં સહેલાઇ કરી આપી. તો અફસોસની વાત છે કે આપણા કેટલાક જાત ભાઇઓ આ મેહેરબાન પીરોની મેહેનતની કદર બુજતા નથી, એટલુંજ નહી, પણ ઉલટાં ખોજાના ધર્મમાં ગ. હીંદુની વાતો છે. મુસલમાની કાંઇ નથી એવી" અજબ અને હસવા જેવી કરે છે. એ સધળી અધુરા જ્ઞાનની નીશાની છે. અધુરૂં જ્ઞાન ભયંકરછે. જો કોઇ માણસ એ પરાઇ અને કઠણ ભાષાનો પોતેજ અભ્યાસ કરે નસાફથી જુએ તો પીર સદરદીને આપણી કોમની જે સેવા બજાવી ઇ અજબ અને છક થઇ જાય. નહીંતો એક છોકરાના દાખલા જેવા તેમાં કાંઇ નવાઇ નથી. મારું સુઇશ નહીં, ઘેટાઇ જઇશ. મારું ડી, ઓબરી લઇશ. જેને સકળ ભાષાનું જ્ઞાન હોયછે, તે કોઇ બોલથી . નથી.

૧ ઝાડ (ગુજરાતી)
૨ વૃક્ષ (સંસ્કૃત)
૩ દરખ્ત (ફારસી)
૪ શજર (અરબી)
૫ ટ્રી (અંગ્રેજી)

આ બધી એકજ ચીજ છે. તેમાં હીંદુ અને મુસલમાની શું છે તે સમજાતું નથી.

એક અધુરી ફીલસુફી ધરાવનાર સાથે લખનારને થએલી મુલાકાત.

એક દીવસે આ ચોપડી લખનારને એવા એક અધુરું જ્ઞાન ધરાવનાર તથા પાંચ સાત ભાંગુતી અરબી ફારસી ભાષાના બોલ જાણનાર ગ્રહસ્થની મુલાકાત થઇ હતી. આ મુલાકાત એક વરરાજાના સરગસમાં હોવાથી આશરે અરધોક કલાક ચાલી હતી.

તેણે ટીકા કરી કે જુઓ, આવો મુસલમાની વખત આવ્યો છે છતાં પણ આપણા ખોજા હજુ સુધી હરી હરી કર્યા કરે છે, આ સાંભળી આ માણસના અધુરા જ્ઞાન ઉપર મને બહુ હસવું આવ્યું. અને આવા માણસો દુનીઆ ઉપર છે એ જોઇ ઘણી દયા આવવા લાગી. મેં જવાબ આપ્યો કે ખોજા જો મુસલમાની પ્રમાણે ચાલે તો શું કહેવું જોઇએ ? તેણે કહ્યું અલ્લાહ ખુદા, એમ કેહેવું જોઇએ. વાંચનાર ભાઇઓ વીચાર કરો કે.

હરી, ખુદા, અલ્લાહ, ગોડ

એ શું જુદી જુદી ચીજો છે ?
રોટલો, બ્રેડ, નુન એ શું જુદી ચીજ છે? આ
આ, માતાજી, મધર, માદર એ શું જુદી ચીજો છે?

દુધને "મીલ્ક" કહેતાં અથવા "શીર" કહતાં શું અંગ્રેજ પણું અથવા મુસલમાની કે હીંદુપણાનો બાધ આવશે?

આ પ્રમાણેના સવાલ સાંભળી તે ભાઇ ચુપ થઇ ગયા. આ વાતમાં લા જવાબ થવાથી તેણે કહયું કે ખોજા મુશરીક છે. મેં પુછ્યું કે ભાઇ મુશરીક એટલે શું? તેણે જવાબ આપ્યો કે અર્થની તો મને ખબર નથી. પણ હું એમ ઘણા જણને મોઢેથી સાંભળું છું. મેં કહયું કે જ્યારે તમને અર્થની પણ ખબર નથી ત્યારે ખોજા ઉપર મુશરીકનું તહોમત તમે કેમ ચડાવોછે? અને તમે પોતેજ સમજતા નથી એવા શબ્દ વાપરવામાં શું મોટાઇ સમજો છો? મુશરીક એટલે ખુદાના રાજમાં ભાગીઆ છે એવું માનનાર. શીરક અરબીમાં ભાગને કહેછે, અને શરીક ભાગીઆને કહે છે. અને "મુશરીક" ખુદાના રાજમાં ભાગીઆ છે એવું માનનાર. ઇસમાઇલી ખોજા ખુદાની બાદશાહીમાં કોઇને પણ ભાગીઓ સમજયા નથી. સમજતા નથી. અને સમજશે પણ નહી. બોલો હવે ઇસમાઇલા ખોજા મુશરીક છે કે? તેણે કહયું "નહી" પણ તેઓ જાહેલ છે. મેં કહયું જાહેલ એટલે શું? તેણે કહયું કે તેતો હું સમજતો નથી. મારો સ્વભાવ પણ પછી કાબુમાં ન રહેવાથી મેં કહયું કે જાહેલનો અરબી અર્થ અજ્ઞાન થાય છે. પોતાને જે ચીજનું જ્ઞાન નથી, તેની વાત કરે તે જાહેલ છે. માટે તમે જે બોલનો અર્થ પોતેજ સમજતા નથી અને તે બોલ બો વાપરો છો એજ જાહેલ પણું છે અને તમે પોતેજ જાહેલ છો.

ભાઇઓ. આ પ્રમાણે જે શબ્દોનો અર્થ પોતેજ સમજતા નથી, તેવા દશ બાર બોલ ખરીદ કરે છે, અને ખરીદવાને માટે બીજી કીંમત હોવાથી પોતાનું ઇમાન તથા ધર્મઅભીમાન, ગીરવી મુકે છે. એ સોસ કારક છે કે?

જુદી જુદી કોમના જુદા જુદા સીધાંતો.

ધર્મવાળાના પોતાના સીધાંતો હોય છે. તેમાં તે ધર્મના સમજુ ા પકડતા નથી. બલકે તેથી ઉલટું, પોતાના ધર્મના સીધાંતોને,

બચાવ બનતા સુધી કરે છે. હજરત ઇસાના ધર્મમાં ઇસા અલેહીસ સલામને. બાપ વગરનો છોકરો મનાવ્યો છે, અને જીબરઇલ ખુદાનો રૂહ બીબી મીરીયમમાં ફુંકી ગયો તેથી હજરત ઇસાનો જન્મ થયો એમ મનાવ્યું છે. ઇસા ખુદાનો છોકરો છે. છોકરો. બાપ, અને પવિત્ર આત્મા મળીને એક ખુદા થાય છે, વગેરે સિધાંતોમાં વાંધા પકડવા બેસે તો હજારો વાંધા નીકળે પરંતુ એ કોમના હજારો સુધારકો, ડાકટરો, જજો, બેરીસ્ટરો વિદ્વાનો વગેરે પોતાના ધર્મના સીધાંતોને હમેશાં ટેકો આપવામાં ધર્મ સમજેછે. પોતાની અકલ ત્યાં વાપરતા નથી. પરંતુ અમારા બાપદાદા કરી ગયા એ ફાયદામંદજ હશે; અને તેમાં ઝઘડવામાં કાંઇ માલ નથી, એમ એ લોક સમજે છે.

આપણા ઇસમાઇલી ભાઇઓએ પણ યુરોપીઅન કોમની નકલ કરી પોતાના ધર્મના સીધાંતો કબુલ કરવા તથા બીજા ભાઇઓને સમજાવી કબુલ રખાવવામાંજ મોટાઇ સમજવી. ધર્મ સિધાંતોની સામે થવામાં કોઇ જાતનો ફાયદો નથી, એમ આજે યુરોપીઅન અને અમેરીકન સુધારાવાળા વિદ્વાનો પણ સમજે છે. અને પોતાના ધર્મના સિધાંતોને ટેકો આપે છે.

જો આપણે કોઇ ધર્મના સિધાંતોની ખોડ કાઢવા બેસીએ તો કાંઇ નીવેડો આવેજ નહીં. કેમકે મુસલમાની ધર્મ પણ નીચે લખેલી ચીજોમાં કાંઇ સવાલ ન પુછતાં આસ્થા રાખવા સુચવે છે. અને એમાં કોઇ સવાલ જવાબ કાઢે તો તેને મુસલમાનીમાં ગણતો નથી.

(૧) ખુદાને માનવો.
(૨) ખુદાના રસુલને માનવો.
(૩) ખુદાના ફીરશતઓને માનવા.
(૪) ખુદાની કીતાબને માનવું.
(૫) મરી ગયા બાદ પાછા જીવતા થઇ ઇનસાફ આ છે તે માનવું.

(૬) તકદીરના સવાલને માનવું.

હવે એમાં કોઇ પુછે કે ખુદા અથવા રસુલ કયાં છે તે કેમ સાબે તો એ સવાલનો નીવેડો થાય નહીં. ખુદાના ફીરસ્તા છે. કીતાબ છે. મતનો દીવસ છે વગેરેની ખાતરી કેમ કરી શકાય? તકદીર અનુસાર થાય, અને આપણે કરીએ તેમ ન થાય, તો સારા માઠાનું ફળ આપણને વગેરે સવાલોનો નીવેડો આવેજ નહીં.

માટે મારા જાતભાઇઓને સુચના કરૂં છું કે આપણા ઇસ સિધાંતો હોય તે મકમપણે કબુલ રાખવા. તેમાં શંકા કાઢવી નહી. બીજા સિધાંતો શંકા લેવા જોગ છે નહી, એમ સમજવું નહીં. શંકા કાઢીએ તો બ. ધાના ધર્મના સિધાંતો માંથી નીકળે. પણ સમજુ સુધારાવાળાઓએ પોતાના ધર્મના સિધાંતોનો બચાવ કરવો એજ ખરૂં સુધારાપણું છે, એમ સમજવું.

બધા મારા જાત ભાઇઓને હું વિનંતી કરૂં છું કે **આજ કલજુગમાં ખુદાઇનુર શાહમોલા મુરતઝા અલીમાં** છે એ સિધાંત તેઓએ કબુલ રાખવો. **નામદાર આગાખાન અલીની ગાદીપર છે માટે અલી જે ટલોજ મરતબો એ સાહેબનો સમજવો.** બીજા ધર્મના. ફરમાનો ની તિનું શિક્ષણ વગેરે આપણા શાસ્ત્રમાં ભરપુર છે. માટે અહોનીશ શાસ્ત્ર વાંચન, કથન, મનન, શ્રવણ કરી, શાસ્ત્રના હુકમ અનુસાર ચાલવાની કોશેશ કરવી. આપણા નાતભાઇઓ આપણું જ અંગ છે એમ સમજી એકસંપી રાખી દુખમાં ડુબતાનો સહાય કરવી.

સમાપ્ત.